આકાશવાણી, અમદાવાદ

11-10-2026 Midday: 2.30 pm

Sunday Regional News

## LOCAL BODIES ELECTION AND BY ELECTION

ગાંધીનગર મહાનગરપાલિકા, ઓખા અને થરા નગરપાલિકાની સામાન્ય ચૂંટણી તથા ખેરાલુ, છોટાઉદેપુર અને બાયડ નગરપાલિકા, દેવભૂમિદ્વારકા જિલ્લા પંચાયત, પડધરી, સતલાસણા અને હારીજ તાલુકા પંચાયતની પેટાચૂંટણી માટે આજે શાંતિપૂર્ણ વાતાવરણમાં મતદાન થઈ રહ્યું છે.

ગુજરાત રાજ્ય ચૂંટણી આયોગની યાદી મુજબ, ગાંધીનગર મહાનગરપાલિકાના 11 વૉર્ડમાં અત્યાર સુધીમાં સરેરાશ 31.90 ટકા મતદાન નોંધાયું છે. આ ચૂંટણી માટે કુલ 2,59,985 મતદાર નોંધાયા છે. જ્યારે બનાસકાંઠાની થરા નગરપાલિકાના છ વૉર્ડ માટે અત્યાર સુધી સરેરાશ 53 ટકા મતદાન નોંધાયું. આ બેઠક પર કુલ 12 હજાર 916 મતદાર નોંધાયા છે. જ્યારે દેવભૂમિદ્વારકાની ઓખા નગરપાલિકાના નવ વૉર્ડ માટે કુલ 36,523 મતદાર નોંધાયા. તેમાં સરેરાશ 33.53 ટકા મતદાન નોંધાયું.

પેટાચૂંટણી પર નજર કરીએ તો, મહેસાણાની ખેરાલુ નગરપાલિકા માટે 37.83, છોટાઉદેપુર નગરપાલિકા માટે 35.47 અને અરવલ્લીની બાયડ નગરપાલિકા માટે 27.97 ટકા સરેરાશ મતદાન થયું.

ગાંધીનગરનાં મેયર મીરાં પટેલે રાયસણ પ્રાથમિક શાળામાં મતદાન કર્યું. સાથે જ તેમણે સૌને મતદાન કરવા અપીલ કરી છે. આ વખતે પહેલી વાર મતદાન કરનારાં મતદારની પ્રતિક્રિયા સાંભળીએ.

## NAVRATRI MAHAPARVA PRARAMBH

ભક્તિ અને શક્તિના નવરાત્રિ મહાપર્વનો આજથી પ્રારંભ થયો છે. નવરાત્રિના પહેલા નોરતે આજે માઁ દુર્ગાનાં પ્રથમ સ્વરૂપ માઁ શૈલપુત્રીની પૂજા-અર્ચના કરવામાં આવે છે. મા આદ્યશક્તિના પાવન પર્વ નિમિત્તે વિવિધ શક્તિપીઠ, મંદિરો સહિતના ધાર્મિક સ્થળો પર સવારથી જ ભક્તોની ભારે ભીડ ઉમટી રહી છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પણ રાજ્યના લોકોને નવરાત્રિના મહાપર્વની હાર્દિક શુભકામનાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા સંદેશમાં તેમણે જગતજનની માઁ અંબા સૌ પર અમીકૃપા વરસાવે અને સૌનું જીવન સુખ, શાંતિ, સમૃદ્ધિ, સ્વાસ્થ્ય અને સદગુણોથી સભર થાય તેવી પ્રાર્થના કરી. સાથે જ શ્રી પટેલે માઁ શૈલપુત્રીને અડગ નિશ્ચય, અખૂટ શ્રદ્ધા અને સ્થિરતાનું પ્રતીક ગણાવતાં માઁ ભગવતી આપણા સૌના

સંકલ્પોને સિદ્ધ કરવા અને કર્તવ્યપથ પર અગ્રેસર રહેવા માટે હિમાલય જેવું દ્રઢ મનોબળ અને અડગ શક્તિ પ્રદાન કરે તેવી પ્રાર્થના કરી.
શક્તિપીઠ અંબાજી મંદિરમાં નવરાત્રિના પહેલા દિવસે સવારે મંગળા આરતીમાં ભક્તોની ભારે ભીડ જોવા મળી.

## AMBAJI PRASAD GI TAG

નવરાત્રિના પહેલા દિવસે આજે શક્તિપીઠ અંબાજીના મોહનથાળ પ્રસાદને આજે ભૌગોલિક સંકેત – G.I. ટેગ અપાયું. ભારત સરકારના અધિકારીઓએ અંબાજી મંદિરના ચાચર ચોકમાં અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન અને બનાસકાંઠાના કલેક્ટર મિહિર પટેલને G.I. પ્રમાણપત્ર એનાયત કર્યું હતું. આ ટેગથી માઁ અંબાની પૂજા અને ગુજરાતી સાંસ્કૃતિક વારસા સાથે જોડાયેલા પરંપરાગત પ્રસાદને સત્તાવાર માન્યતા મળી છે. આ અંગે બનાસકાંઠાના કલેક્ટર મિહિર પટેલે પ્રતિક્રિયા આપી.

## BVR NAVRATRI POLICE

ભાવનગરમાં નવરાત્રિ દરમિયાન ખેલૈયાઓ ભયમુક્ત થઈને ગરબા રમી શકે તે માટે પોલીસ સતર્ક થઈ છે. ઉપરાંત અવાવરુ જગ્યાઓ અને ઓછા અજવાળાવાળા 22 ડાર્ક પૉઈન્ટ્સ પર ઘોડેસવાર ટુકડી તહેનાત રહેશે. જ્યારે પોલીસની શી ટીમ પણ અસામાજિક તત્વો પર બાજ નજર રાખશે.